સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

સમય તમને રાજામાંથી રંક અને રંકમાંથી રાજા બનાવી શકે છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૭૧ ● તારીખઃ ૩૦.૦૮.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## મેડિસન સ્કવેરમાં શ્રીભાગવતનું સંબોધનઃ વિરોધ વચ્ચે RSSના કાર્યક્રમે વૈશ્વિક ધ્યાન ખેંચ્યું

### અમેરિકાના ન્યૂયોર્ક ખાતે યોજાયેલા કાર્યક્રમને સોફ્ટ હિન્દુ શક્તિના વિજય તરીકે જોવામાં આવી રહ્યો છે; સ્થાનિક વિરોધ છતાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાય ઉપસ્થિત રહ્યો



**સમય સંદેશઃ ડેસ્ક**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના વડા મોહન ભાગવતે શનિવારે ન્યૂયોર્કના પ્રખ્યાત મેડિસન સ્કવેર ગાર્ડન સ્થિત ઇન્ફોસિસ થિયેટર ખાતે ભારતીય ડાયસ્પોરાને સંબોધિત કર્યા હતા. આ કાર્યક્રમને વૈશ્વિક સ્તરે ભાજપ અને આરએસએસની વિચારધારા માટે એક મહત્વપૂર્ણ સિમ્બોલિક જીત તરીકે જોવામાં આવી રહ્યો છે. આ આયોજનમાં આશરે ૫,૦૦૦ જેટલા ભારતીય સમુદાયના લોકોએ હાજરી આપી હતી, જ્યારે અમેરિકામાં વસતા લાખો ભારતીયોએ ડિજિટલ માધ્યમથી તેને નિહાળ્યો હતો. આ ઘટનાક્રમને આંતરરાષ્ટ્રીય સ્તરે પોલિટિકલ ઈમેજ બિલ્ડિંગના માસ્ટરકલાસ તરીકે મૂલવવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમ યોજાય તે પહેલાં તેને રદ કરવાની ભારે માંગ ઉઠી હતી. અમેરિકાના ૬૦થી વધુ રાજકીય અને ધાર્મિક સંગઠનોએ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. વિવાદ વધતાં ન્યૂયોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીએ પણ જાહેરમાં RSSનો વિરોધ કર્યો હતો, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું હતું કે એક ખાનગી

અનુ પાના નં.૨ પર

## ભાવનગર નકલી દારૂકાંડમાં વધુ ૬ની ધરપકડ, ૯ દિવસના રિમાન્ડ પર

**સમય સંદેશઃ ભાવનગર**


નકલી દારૂકાંડમાં વધુ ૬ આરોપીઓની ધરપકડ થઈ છે. ધરપકડ બાદ તમામ ૬ આરોપીઓને ૪થિં એડિશનલ ધર્મેન્દ્ર જોશીની કોર્ટમાં રજૂ કરાયા હતા જ્યાં કોર્ટે ૯ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ રીતે હવે કુલ ૩૭ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે.



ઉલ્લેખનીય છે કે કૌભાંડના મુખ્ય આરોપી રઈસની મધ્યપ્રદેશના ભોપાલ ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. મિથેનોલયુક્ત ઝેરીલો દારૂ બનાવીને લોકોના જીવ જોખમમાં મૂકનારા આ નેટવર્કનો પર્દાફાશ થતાં અત્યાર સુધીમાં ૧૩થી વધુ લોકોના મોત થયા છે. મુખ્ય આરોપી પકડાતા

અનુ પાના નં.૨ પર

## નીરજા ગુપ્તાની મુશ્કેલીમાં વધારો થયો, હાઈકોર્ટના નિવૃત જજ કરશે કૌભાંડની તપાસ, ૩ મહિનામાં સોંપશે રિપોર્ટ



**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ કરેલા કૌભાંડની તપાસ કરવામાં આવશે. પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમમાં કૌભાંડ મુદ્દે તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. હાઈકોર્ટના નિવૃત્ત જજની આગેવાનીમાં આ કમિટીની રચના કરવામાં આવી છે.નોંધનીય છે કે, જુની સમિતીએ યુનિવર્સિટીને બંધ કવરમાં રિપોર્ટ સોંપ્યો છે. ૨૦ દિવસ સુધી ૩ સભ્યની કમિટીએ તપાસ કરીને આ રિપોર્ટ તૈયાર કર્યો છે.

અગાઉ NSUI દ્વારા નીરજા ગુપ્તા સામે FRI દાખલ કરવા માટે ૭૨ કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું, અને જો

અનુ પાના નં.૨ પર

## નેપાળની પૂર હોનારતમાં જામનગર જિલ્લાના કોઈ વ્યકિત ફસાયા નથી





**સમય સંદેશઃ જામનગર**

જામનગરના કોઈ યાત્રી નેપાળમાં પૂરથી અસરગ્રસ્તમાં કોઈ ફસાયા નથી તેમજ કોઈ માહિતી કે રજૂઆત પણ મળી નથી.તેમ જિલ્લા કલેક્ટર જણાવ્યું હતું. નેપાળમાં પુરથી અસરગ્રસ્ત, ફસાયેલા કે ગુમ નાગરીકો માટે ખાસ હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે.જે સાથે જામનગર જિલ્લામાં પણ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર હેલ્પલાઇન કાર્યરત કરાઇ છે.જેમાં ૦૨૮૮ ૨૫૫૩૪૦૪ નંબર પર સંપર્ક કરી શકશે. નેપાળમાં

અનુ પાના નં.૨ પર

## SC/ST અનામતમાં ક્રીમી લેયર મુદ્દે NDAમાં મતભેદ ઉભરાયાઃ ચિરાગ પાસવાને જીતન રામ માંઝી અને તેમના પુત્રના રાજીનામાની કરી માંગ

### દલિતોમાં 'કોટાની અંદર કોટા' અને સબ-કેટેગરાઈઝેશન અંગે HAM(S) અને લોજપા વચ્ચે વિવાદ વધ્યો, નીતિની સમીક્ષા મુદ્દે રાજકારણ ગરમાયું




**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશમાં અનામતને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે હવે કેન્દ્રમાં NDA ગઠબંધનની અંદર જ ગંભીર મતભેદો સામે આવ્યા છે. દલિત અનામતમાં 'ક્રીમી લેયર' અને સબ-કેટેગરાઈઝેશનના મુદ્દે કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીના નિવેદન પર કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને આકરો પલટવાર કર્યો છે. ચિરાગ પાસવાને કેન્દ્ર સરકારમાં મંત્રી માંઝી

અનુ પાના નં.૨ પર

## બાંદ્રા-ભુજ સુપરફાસ્ટના AC કોચમાંથી દારૂનો જથ્થો મળ્યોઃ રેલવે સુરક્ષા પર ઊઠ્યા સવાલો



**સમય સંદેશઃ વાપી**

વાપીઃ મુંબઈના બાંદ્રા ટર્મિનસથી ગુજરાતના ભુજ તરફ જઈ રહેલી ટ્રેનમાં દારૂની હેરાફેરીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેનાથી રેલવેની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ટ્રેન નંબર ૦૯૦૩૭ બાંદ્રા-ભુજ સુપરફાસ્ટ સ્પેશિયલના થર્ડ AC કોચમાં મુસાફરોએ

અનુ પાના નં.૨ પર

## ખંભાળિયામાં રક્ષાબંધને કરૂણાંતિકાઃ બાઈક અકસ્માતમાં યુવતીનું મોત

### ભાઈઓ સાથે બાઈકમાં ગયેલી બહેનને નડ્યો જીવલેણ અકસ્માતઃ પશુ આડુ ઉતરતા બનાવઃ રઘુવંશી પરિવારમાં શોક

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં રહેતા એક રઘુવંશી અગ્રણી પરિવારની યુવાન પુત્રી તેણીના ભાઈઓની સાથે રક્ષાબંધનની ઉજવણી બાદ રાત્રિના સમયે બાઇક પર નીકળ્યા હતા, ત્યારે તેમના સ્કૂટર આડે એકાએક પશુ ઉતરતા સર્જાયેલા આ અકસ્માતમાં ભાઈઓની નજર સામે જ ૧૯ વર્ષીય બહેનનું ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં કરૂણ મૃત્યુ નિપજ્યું હતું.

ખંભાળિયા પંથકમાં ખૂબ જ અરેરાટીજનક બની ગયેલા આ બનાવની વિગત એવી છે કે ખંભાળિયા લોહાણા મહાજનના તત્કાલીન ટ્રસ્ટી અને જાણીતા કાર્યકર રાકેશભાઈ પંચમતીયાની ભત્રીજી અને પરેશભાઈ





પંચમતીયાની ૧૯ વર્ષની પુત્રી શ્રીહરી તેમજ અન્ય પરિવારજનોએ ગઈકાલે રક્ષાબંધન પર્વની પરંપરાગત અને મોજથી ઉજવણી કરી હતી.

પરિવારજનો સાથે હોટેલમાં જમ્યા બાદ શ્રીહરિ તેમજ તેણીના મોટાભાઈ દર્શિલ અને નાનાભાઈ દર્શન સાથે તેઓ બાઈકમાં ગતરાત્રીના સમયે આંટો મારવા નીકળ્યા હતા. તેમના ઘરેથી થોડા દૂર આહિર સિંહણ રોડ (ધરમપુર) ખાતે રાત્રિના આશરે અગિયારેક વાગ્યે સમયે તેઓની બાઈક આડે એકાએક ગાય ઉતરતા તેમનું મોટરસાયકલ તેની સાથે ધડાકાભેર ટકરાઈ ગયું હતું. આ ગંભીર અકસ્માતમાં શ્રીહરીને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેણીએ ઘટના સ્થળે જ અંતિમ શ્વાસ લીધા હતા. જ્યારે મોટાભાઈ દર્શિલ અને નાનાભાઈ દર્શનને સામાન્ય ઇજાઓ થવા પામી હતી.

રક્ષાબંધનના પવિત્ર દિવસે પંચમતીયા પરિવારની તેજસ્વી પુત્રીના અકાળે થયેલા આ અકસ્માતના બનાવથી સમગ્ર પંચમતીયા પરિવાર પર જાણે આભ ફાટી પડ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. આ બનાવથી રઘુવંશી સમાજ સાથે શહેરભરમાં ભારે શોકની લાગણી જોવા મળી છે.

શ્રીહરીની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં રઘુવંશી જ્ઞાતિજનો સાથે આગેવાનો, હોદ્દેદારો વિગેરે જોડાયા હતા.

## ધ્રોલના ખારવા ગામે હડકાયા કૂતરાએ મચાવ્યો આતંક

### માર્ગ પરથી પસાર થતા બાળા-મહિલા સહિત આઠને બચકા ભરતા જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા







**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર જિલ્લાના તાલુકાના ખારવા ગામ પાસે ગઈકાલે રક્ષાબંધન પર્વે હડકાયા શ્વાને ભારે આતંક મચાવતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે. માર્ગ પરથી પસાર થઈ રહેલા ગામલોકો પર હડકાયા શ્વાને અચાનક હુમલો કરી એક પછી એક એમ આઠ લોકોને બચકાં ભરી ગંભીર રીતે લોહીલુહાણ કરી દીધા હતા. આ બનાવને પગલે ગામમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી.

જ્યારે આ બનાવની જાણ થતાં જ ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ તેમજ સરકારી હોસ્પિટલની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાબડતોબ ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ભોગગ્રસ્તોને ફરજ પરના તબીબોએ પ્રાથમિક સારવાર અને હડકવા વિરોધી રસી આપી હતી. અમુક ભોગગ્રસ્તોને ઈજા ગંભીર હોવાથી તમામ આઠ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડાયા હોવાનું હોવાનું જાણવા મળી રહ્યું છે.

## જામનગરના મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનર સહિતના પદાધિકારીઓ-અધિકારીઓએ લોકમેળાની મુલાકાત લીધી











તસવીરઃ હિરેન ગાંધી

શ્રાવણ માસના તહેવારો નિમિત્તે જામનગરમાં આયોજિત લોકમેળામાં લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે, ત્યારે નાગરિકો માટેની સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે જામનગર મહાનગરપાલિકા અને જિલ્લા તંત્રના ઉચ્ચ અધિકારીઓ તથા પદાધિકારીઓએ સંયુક્ત રીતે લોકમેળાની સ્થળ મુલાકાત લીધી હતી. આ નિરીક્ષણ દરમિયાન જામનગરમાં નવા વરાયેલા મેયર મોનિકાબેન વ્યાસ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, ડેપ્યુટી મેયર રાકેશ ડેર તથા મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયા સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ અને આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન પદાધિકારીઓ અને અધિકારીઓએ લોકમેળા પરિસરમાં સ્ટોલ, ચકરડીઓ, ખાદ્યપદાર્થોના સ્ટોલ, પીવાના પાણીની સુવિધા, લાઈટિંગ અને સ્વચ્છતાની પરિસ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. મેયર મોનિકાબેન વ્યાસે સ્થળ પર હાજર અધિકારીઓને સૂચના આપતાં જણાવ્યું હતું કે મેળામાં આવતા શહેરીજનો અને દર્શનાર્થીઓને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તે માટે તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવે. ખાસ કરીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સીસીટીવી કેમેરા અને પોલીસ બંદોબસ્તની સમીક્ષા કરવામાં આવી હતી.


## તંત્રી સ્થાનેથી..

### પ્રેમ, વિશ્વાસઘાત અને હત્યા !

દિલ્હીમાં પોલીસે સોશિયલ મીડિયા પર એક છોકરીને મિત્રતાનું વચન આપનારા બે યુવકોની ધરપકડ કરી, તેણીને મદનગીર વિસ્તારમાં બોલાવી, કપટથી તેના ખોરાકમાં કંઈક ભેળવી દીધું, અને પછી તેણીને બેભાન કર્યા પછી તેના પર બળાત્કાર કર્યો. આવી ઘટનાઓ ખૂબ જ દુઃખદ છે, પરંતુ તે આપણને કહે છે કે સોશિયલ મીડિયા પર મિત્રતાનો વ્યાપ કેટલો હોવો જોઈએ, લોકો પર કેટલો વિશ્વાસ કરવો જોઈએ, શું સાવચેતી રાખવી જોઈએ અને ખરેખર સંબંધોની મર્યાદા શું હોવી જોઈએ. આ અંગે સાવધાન રહેવાની સાથે સાથે તમામ લોકો માટે જાગૃતિ રાખવી જરૂરી છે. ઘરે, બાળકોને સોશિયલ મીડિયા પર મિત્રો બનાવવાની વાત આવે ત્યારે સાવચેત રહેવાની તાલીમ આપવી જોઈએ. કોઈના પર વિશ્વાસ રાખવો એ હવે જોખમોથી મુક્ત નથી. એવો વિશ્વાસ એ સંકટને નિમંત્રણ છે. આજે એક તરફ મહિલાઓ સફળતાનાં નવાં સોપાનો સર્જી રહી છે, તો બીજી તરફ અનેક મહિલાઓ જઘન્ય હિંસા અને અપરાધનો શિકાર બની રહી છે. તેઓને મારવામાં આવે છે, તેઓનું અપહરણ કરવામાં આવે છે, તેઓ પર બળાત્કાર થાય છે, તેમને સળગાવી દેવામાં આવે છે અથવા હત્યા કરવામાં આવે છે. પરંતુ શું આપણે ક્યારેય વિચારીએ છીએ કે હિંસાનો સામનો કરતી મહિલાઓ કોણ છે અથવા તેમની સામે હિંસા કરનાર લોકો કોણ છે? હિંસાનું મૂળ કારણ શું છે અને તેને કેવી રીતે સમાપ્ત કરવું? દેખીતી રીતે, આપણામાંના મોટાભાગના આ પ્રશ્નોને ક્યારેય ધ્યાનમાં લેતા નથી. ઊલટું, આપણે જ્યારે પણ કોઈ સ્ત્રી પરની હિંસાનાં સમાચાર જોઈએ છીએ કે સાંભળીએ છીએ, ત્યારે તે હિંસા સામે અવાજ ઉઠાવવાને બદલે આપણે આપણા ઘરની સ્ત્રીઓ, બહેનો અને દીકરીઓ પર વિવિધ પ્રકારના પ્રતિબંધો લાદીએ છીએ, જે પોતે જ એક પ્રકારની હિંસા છે. ઘરેલું હિંસા એ સંસ્કારી સમાજનું કડવું સત્ય છે. ભારતમાં, વર્ષ ૨૦૨૪માં ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ માત્ર ૫૦૭ કેસ નોંધાયા હતા, જે મહિલાઓ સામેના ગુનાઓના કુલ કેસના ૦.૧ ટકા છે. જ્યારે વાસ્તવમાં આ સંખ્યા અનેક ગણી વધારે છે. જેમાં મહિલાઓને જાતીય, શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવે છે. મોટાભાગના કિસ્સાઓમાં, ઘરેલું હિંસા પતિ અથવા પુત્રવધૂ દ્વારા સાસરિયાઓ દ્વારા પત્નીની શારીરિક અને માનસિક ઉત્પીડનના સ્વરૂપમાં જોવા મળે છે અને સ્ત્રીઓ તેને પોતાનું ભાગ્ય સમજીને સહન કરતી રહે છે. અને ક્યારેક તો ઘોર અપરાધોનો પણ શિકાર બને છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા મહિલાઓનો અનોખો વિરોધ

### દ્વારકાધીશજીને ૧૩ ફૂટની રાખડી અર્પણ કરી સરકાર અને કૃષિમંત્રીને સદબુદ્ધિ મળે તેવી પ્રાર્થના કરી




**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ-દ્વારકા સહિત જામનગર, કચ્છ અને પોરબંદર જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા ગઈકાલે મહિલાઓએ દ્વારકાધીશની પૂજા કરી સરકારનને સદબુદ્ધિ મળે તે માટે અનોખો વિરોધ નોંધાવ્યો હતો. સાથે - સાથે કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીના દ્વારકાધીશ સૌનું ધ્યાન રાખશે તેવા નિવેદન અંગે ભારે નારાજગી મહિલાઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. ચાલુ વર્ષે ચોમાસામાં દેવભૂમિ દ્વારકા, જામનગર સહિતના મોટાભાગના જિલ્લામાં એમ કહેવાય કે વરસાદ પડ્યો જ નથી આથી ખેડૂતોનો ઊભો પાક નિષ્ફળ ગયો છે સાથે - સાથે માલધારીઓના પશુઓ માટે પૂરતા ઘાસચારાની પણ વ્યવસ્થા નથી ત્યારે ગઈકાલે રક્ષાબંધનના દિવસે ભગવાન શ્રી દ્વારકાધીશને ૧૩ ફૂટની રાખડી મહિલાઓએ અર્પણ કરી સરકાર અને કૃષિમંત્રીને " સદબુદ્ધિ " મળે તેવી પ્રાથના કરી ઉપસ્થિત મહિલાઓએ તાત્કાલિક આ જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ કરી છે.

# શ્રાવણી પૂર્ણિમાના પાવન અવસરે દ્વારકામાં ગુગળી બ્રહ્મસમાજ દ્વારા સદીઓ જૂની ધાર્મિક પરંપરાઓ ઉત્સાહભેર ઉજવાઈ

### મંત્રોચ્ચાર સાથે દેહશુદ્ધિ સ્નાન, દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને અને બ્રહ્મપુરીમાં ૨૦૦૦ જ્ઞાતિજનોએ સામૂહિક યજ્ઞોપવિત ધારણ કર્યા

**સમય સંદેશઃ દ્વારકા**

શ્રાવણી પૂર્ણિમાના પાવન પર્વે યાત્રાધામ દ્વારકામાં ગુગળી બ્રહ્મસમાજની સદીઓ જૂની ધાર્મિક પરંપરા જીવંત જોવા મળી હતી. દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીની સેવા-પૂજા સાથે સંકળાયેલા ગુગળી બ્રાહ્મણ સમાજ દ્વારા વહેલી સવારથી જ શાસ્ત્રોક્ત ધાર્મિક વિધિઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પર્વ નિમિત્તે સવારે જ્ઞાતિ અગ્રણીઓ અને જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં પવિત્ર ગોમતી નદીના ઘાટ પર દેહશુદ્ધિ વિધિ યોજાઈ હતી. બ્રાહ્મણોએ



હેમાદ્રી સંકલ્પ સાથે દશવિધિ સ્નાન કર્યું હતું, તેમજ ગાયત્રી મંત્રના જાપ સાથે ઋષિ પૂજન, ઋષિ તર્પણ, ગ્રહ, ઋતુ તથા માસ તર્પણની વિધિઓ સંપન્ન કરી સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું.

શ્રાવણી નક્ષત્રના પાવન અવસરે મધ્યાહ્ન સમયે દ્વારકાધીશ જગતમંદિરમાં પૂજારી પરિવાર દ્વારા રાજાધિરાજ ઠાકોરજીને વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવ્યું હતું. જગતમંદિરમાં ઠાકોરજીને યજ્ઞોપવિત ધારણ કરાવ્યા બાદ બપોરે ગુગળી બ્રહ્મપુરી નંબર-૧ ખાતે ગુગળી બ્રહ્મસમાજના અંદાજે બે હજાર જેટલા જ્ઞાતિ બંધુ પુરુષો એકત્ર થયા હતા. જ્યાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે તમામ જ્ઞાતિજનોએ સામૂહિક રીતે નૂતન યજ્ઞોપવિત ધારણ કર્યા હતા. સદીઓથી નિરંતર ચાલી આવતી આ પવિત્ર પરંપરામાં ગુગળી બ્રહ્મસમાજના નાના-મોટા તમામ જ્ઞાતિબંધુઓ અત્યંત ઉત્સાહ અને શ્રદ્ધા પૂર્વક જોડાયા હતા. શ્રાવણી પૂર્ણિમાના પાવન અવસરે ગોમતી તટેથી લઈ જગતમંદિર અને બ્રહ્મપુરી સુધી યોજાયેલી વિવિધ ધાર્મિક વિધિઓ તેમજ વૈદિક મંત્રોચ્ચારને કારણે દ્વારકા નગરીમાં સમગ્ર દિવસ દરમિયાન અદ્ભુત આધ્યાત્મિક અને ભક્તિમય માહોલ છવાયેલો રહ્યો હતો.

# કાન્હા વિચાર મંચ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ



**સમય સંદેશઃ દ્વારકા**

સમગ્ર વિશ્વમાં તમામ કૃષ્ણભક્તો જન્માષ્ટમીની ઉજવણી રંગેચંગે કરતા હોય છે ત્યારે ભગવાન દ્વારકાધીશની રાજનગરી દ્વારકામાં જન્માષ્ટમીનું મહાત્મ્ય વિશેષ હોય છે દેશ અને દુનિયાના ખુણે ખુણેથી કૃષ્ણભક્તો આતુરતા પૂર્વક દ્વારકા તરફ મીટ માંડીને બેઠા હોય છે. ત્યારે સપ્તપુરીઓમાંની એક દ્વારકા પણ આ સમયને યાદગાર બનાવવા થનગની રહી છે. જન્માષ્ટમીની ઉજવણીમાં દ્વારકાના ધર્મમય માહોલમાં દરવર્ષે યોજાતી ભગવાન રાજાધિરાજની રથયાત્રા વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનતી હોય છે. ત્યારે આ વર્ષે પણ કાન્હા વિચાર મંચ દ્વારા રાજાધિરાજની ભવ્યાતિભવ્ય રથયાત્રાની જોરશોર તૈયારીઓ આરંભાઈ છે. કાન્હા વિચાર મંચ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર આયોજનના અધ્યક્ષ સ્થાને કોઈ વ્યક્તિવિશેષને બદલે સ્વયં રાજાધિરાજ ભગવાનને સ્થાપિત કરી કાન્હા જન્મોત્સવની શરુઆત થશે. ત્યાર બાદ સંતો-મહંતો દ્વારા ભગવાન રાજાધિરાજની રથયાત્રાનું અખિલ ભારતીય આહીર સમાજ વાડીથી પ્રસ્થાન કરાવશે. આ રથયાત્રા દ્વારકાના રાજમાર્ગો પર રંગેચંગે અને ઉમંગે પરિભ્રમણ કરશે. આ સમયે દ્વારકા નિવાસી સર્વે સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ આ રથયાત્રાનું અલગ અલગ નિશ્ચિત કરાયેલી જગ્યાએ સ્વાગત-અભિવાદન કરશે. રથયાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ સમગ્ર ગુજરાતભરમાંથી એકઠા થયેલા કૃષ્ણવંશી આહીર યુવાનો દ્વારા મટુકીફોડ આકર્ષણનું કેન્દ્ર બનશે. રથયાત્રામાં વિવિધ કીર્તન મંડળીઓ દ્વારા કીર્તનની રમઝટ અને દ્વારકાધીશના ગગનભેદી જયઘોષ સાથે જગતમંદિર ખાતે આ યાત્રા વિરામ પામશે.

# ખંભાળિયામાં 'ફટાકડી' સાથે સીન સપાટા પુત્ર ઝડપાયોઃ પિતા અને પુત્ર સામે ગુનો નોંધાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં શીરૂ તળાવ ખાતે રહેતા અને મેડિકલ પ્રેક્ટિસ કરતા અનિલ રામજીભાઈ કછટીયા નામના ૩૨ વર્ષના સતવારા શખ્સ દ્વારા પોતે કોઈપણ પ્રકારનું હથિયારનું લાયસન્સ ધરાવતો ન હોવા તેમજ હથિયાર અંગેની તાલીમ લીધી ન હોવા છતાં પણ પોતાના પિતા રામજીભાઈ વશરામભાઈ કછટીયાના નામની પરવાનાવારી ૧૨ બોર ડબલ બેરલ ગન (હથિયાર) તથા કાર્ટીજ ભરેલા બેલ્ટ વડે ભયજનક રીતે તેમજ બેદરકારીપૂર્વક માનવ જીવન જોખમાય તે રીતે પોતાના ખંભા ઉપર બંધુક રાખી, લગ્ન પ્રસંગમાં જાહેર ઊભા રહી ઉજવણી કરી હતી.



આ રીતે તેણે ફોટા અને વિડિયો બનાવી અને તે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ નસ્ત્રડો. અનિલ કછટીયાસ્ત્રસ્ત્ર પર અપલોડ કર્યા હતા. આ બાબત એસ.ઓ.જી. પોલીસના ધ્યાને આવતા આરોપી અનિલ કછટીયા તેમજ તેના પિતા રામજી વશરામભાઈ કછટીયા સામે હથિયાર ધારાની કલમ હેઠળ ગુનો થયો હતો.

# સિક્કામાં બોલેરોની ઠોકરથી બાઈકચાલકના પગમાં ઈજા

**સમય સંદેશઃ સિક્કા**

જામનગર તાલુકાના સિક્કા ગામે ગોકુલપુરી ગાયત્રી મંદિરની બાજુમાં રહેતાં દેવેન્દ્રભાઇ દિનેશભાઇ જાદવ (ઉ.વ.૩૮) નામના યુવાને એમએચ-૦૨-એફજી-૪૭૫૪ નંબરના બોલેરો કેમ્પરના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદી દેવેન્દ્રભાઇ ગત તા.૨૫ ના રોજ પોતાનું જીજે-૧૦-બીએમ-૫૨૬૯ નંબરનું મોટરસાઇકલ લઇને પંચવટી સોસાયટીમાં આવેલ પોતાના સ્ટુડિયોથી ઘરે જઇ રહ્યાં હતાં. દરમિયાન તળાવ પાસેના ખૂણા પર પહોંચ્યા ત્યારે સામેથી આવી રહેલ એમએચ-૦૨-એફજી-૪૭૫૪ નંબરના બોલેરો કેમ્પરના ચાલકે પોતાનું વાહન વાયુવેગે ચલાવી ફરિયાદીના મોટરસાઇલને ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મોટરસાઇકલ ચાલક દેવેન્દ્રભાઇ બાઇક પરથી નીચે પટકાયા હતાં અને તેઓને જમણા પગમાં ફ્રેક્ચર સહિતની ઇજાઓ પહોંચી હતી. જેથી તેઓને સારવાર માટે હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતાં.

અકસ્માત સર્જી બોલેરોનો ચાલક પોતાનું વાહન લઇને નાશી ગયો હતો. દેવેન્દ્રભાઇની ફરિયાદના આધારે પોલીસે બોલેરો ચાલક સામે ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન

### પાક સુકાવાની ભીતિ

(પાના નં. ૪ થી આગળ)

વરસાદી સ્પેલ આવવાની શક્યતા રહેલી છે, ત્યારે હાલ ખેડૂતોના ઊભા પાકને સુકાતો બચાવવા સૌની યોજનાનું પાણી ત્વરિત આપવું અત્યંત જરૂરી બન્યું છે.

ઉપરાંત જામનગર તાલુકાના જામવણથલી નજીકના નંદપુર ગામ પાસે આવેલા ઉંડ-૧ ડેમમાંથી ઉંડ-૧ કેનાલ હેઠળ આવતા ગામોના ખેડૂતોએ પીયત માટે પાણીની માંગણી કરી હતી. જામવણથલી નજીકના ૧૮ જેટલા ગામોનાં આગેવાનો તથા ૫૦૦ જેટલા ખેડૂતો તા.૨૬ના સવારે ઉંડ-૧ ડેમ પર એકઠા થયા હતા અને હાલના સમયે વરસાદ ખેંચાતા ખેતરોમાં ઉભેલો પાક સુકાઈ રહ્યા હોયને કેનાલમાં પાણક્ષના વાલ્વ ચાલુ કરે તો ખેડૂતો આ પાણીથી પોતાની મુરઝાતી મોલાતને બચાવી શકે. હાલના સમયે જો વરસાદ ન થાય કે પાણી ન મળે તો ખેડૂતોને પારાવાર નુકશાની સહન કરવાનો વારો આવે એમ છે. ખેડૂતોની માંગણી સ્વીકારીને ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી રહી છે.

### શ્રાવણિયા જુગાર

(પાના નં. ૪ થી આગળ)

કાલાવડ ટાઉન પોલીસે રણુજા રોડ પરથી કમલેશગીરી ગૌસ્વામી, કમલેશભાઈ માટીયા, ગોપાલભાઈ રામોલીયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, ફાલ્ગુનભાઈ ઝીંઝુવાડીયા, જયેશભાઈ બામણીયા અને રાજેન્દ્રસિંહ જાડેજાની રૂ.૨૬,૩૦૦ની રોકડ સાથે અટકાયત કરી હતી. અંતમાં, જોડિયા પોલીસે બોડકા ગામમાંથી રમેશચંદ્ર ટાંક, ગોરધનભાઈ સાપરીયા, શાંતિલાલ ટાંક, મોહનભાઈ ખોલીયા અને ભરતભાઈ ધામેચાને રૂ.૧૩,૪૪૦ની રોકડ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### છ પત્તાપ્રેમી

(પાના નં. ૪ થી આગળ)

જુગારના અડા પર છાપો મારી તીનપતીનો જુગાર રમતા રામ ભીખા કરમુર રે. સણખલા, જયેશ રામસી કરમુર રે. સણખલા, પ્રવીણ વીરા કરમુર રે.સણખલા વાળાને ઝડપી લીધા હતા. પોલીસે ગંજીપત્તો તેમજ રોકડ રૂા.૧૦૭૦૦ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### યુવાનની હત્યા

(પાના નં. ૪ થી આગળ)

પાડવા લાગતા મામલો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન ઉશ્કેરાયેલા આરોપીઓએ યુવાનને પથ્થર મારતા તેને માથામાં ગંભીર ઈજા પહોચી હતી. આથી તરત જ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં લાંબી સારવાર બાદ યુવાન ભુપેન્દ્રભાઈનું હોસ્પિટલ બીછાને મોત નિપજતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. જે અંગે સાબુદીનભાઈની ફરિયાદ પરથી પોલીસે તપાસ હાથ ધરીને આરોપી સલાઉદ્દિન ઇન્દ્રીશભાઇ માજોઠી (ઉ.વ.૨૯ રહે-ઇ/૪૮ સામે, ગાંધીનગર, માજોઠી નગર-૦૨ જામનગર) તેમજ આરોપી અક્રમ ઇસાકભાઈ જનર (રહે-માજોઠી નગર-૦૧, હુસેની ચોક, ન્યુ રોશન પાનની બાજુમાં, ગાંધીનગર, જામનગર) ની ધરપકડ કરીને રીમાન્ડ માટેની તજવીજ હાથ ધરી છે.

### ખતરનાક ધીંગાણું

(પાના નં. ૪ થી આગળ)

આ સ્થળે લોહીના ડાઘ પણ પડ્યા છે. આ પ્રકારની ઘટનાઓ અગાઉ પણ અનેકવાર બની છે અને અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ધર્મની જગ્યા અને મહાદેવનું મંદિર હોવાથી વહીવટી તંત્ર આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે તેવી અપીલ કરવામાં આવી છે.

### ચાની હોટલમાંથી

(પાના નં. ૩ થી આગળ)

મારફતે બાળકને ઓબ્ઝર્વેશન હોમ (ચિલ્ડ્રન હોમ)માં સોંપવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી, બાળ સુરક્ષા એકમ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ તથા જામનગર મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓની ટાસ્ક ફોર્સ ટીમ જોડાઈ હતી. ફરિયાદ મુજબ હોટલના માલિક લાલજી રવજીભાઈ લામકો દ્વારા ૧૪ વર્ષથી નાની ઉંમરના બાળકને કામે રાખી તેની પાસે કામ કરાવી બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમની જોગવાઈનો ભંગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.

### નેપાળની પૂર

(પાના નં. ૧ થી આગળ)

જામનગર જિલ્લાના કોઈ યાત્રી ફસાયેલા નથી એમ જીલ્લા કલેકટર પી.બી. પંડયાએ જણાવ્યુ હતુ. વહીવટી તંત્ર દ્વારા અપીલ કરાઈ છેકે, જો કોઈ સગાસંબંધી પુરની પરિસ્થિતિમાં ફસાયા હોય તો તુરંત ઉકત નંબર પર જાણ કરવા જણાવાયુ છે.જેથી રાજય કે રાષ્ટ્રીય સ્તરે જાણ કરી જરૂરી કાર્યવાહી કરી શકાય.જામનગર જિલ્લામાં હજુ સુધી કોઇ યાત્રી નેપાળની વર્તમાન સ્થિતિમાં ફસાયા હોવાની માહિતી કે રજુઆત સાંજ સુધી મળી નથી.વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના ટુર ઓપરેટર્સ સાથે સીધી ચકાસણી કરી યાત્રીઓની સલામતી અંગે ખાતરી કરવામાં આવી છે.

### શ્રીભાગવત

(પાના નં. ૧ થી આગળ)

કાર્યક્રમને રદ કરવાનો અધિકાર નગર નિગમ પાસે નથી. એટલું જ નહીં, આયોજક સંસ્થાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ ભારે રિપોર્ટિંગના કારણે થોડા કલાકો માટે સ્થગિત થઈ ગયું હતું, છતાં તમામ વિઘ્નો પાર કરીને કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

ન્યૂયોર્ક જેવા વૈશ્વિક શહેરના વૈશ્વિક મંચ પરથી સરસંઘચાલકનું આ સંબોધન ભારતીય રાજકારણમાં પણ ઘેરા પડઘા પાડશે. એક તરફ ભાજપ-આરએસએસ તેને વૈશ્વિક સ્તરે 'સોફ્ટ હિન્દુ પાવર' અને ભારતીય સભ્યતાની ઓળખની વિજયગાથા તરીકે રજૂ કરશે, તો બીજી તરફ ભારતમાં વિપક્ષી દળો ન્યૂયોર્ક મેયરના નિવેદનો અને વિરોધ પ્રદર્શનોને ટાંકીને સંઘ સામે પોતાનું નેરેટિવ મજબૂત કરવાનો પ્રયાસ કરશે. આગામી દિવસોમાં આ ઘટનાની રાજકીય અસરો ભારત અને અમેરિકા બંને દેશોના મતદારો પર કેવી પડે છે તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

### અનામતમાં ક્રીમી લેયર

(પાના નં. ૧ થી આગળ)

અને બિહાર સરકારમાં મંત્રી તેમના પુત્ર સંતોષ સુમનના રાજીનામાની માંગ કરતા જણાવ્યું હતું કે, જો જીતન રામ માંઝી ક્રીમી લેયરના નિયમો લાગુ કરવાના પક્ષધર હોય તો તેમણે સૌથી પહેલાં હોદ્દા પરથી રાજીનામું આપીને અનામતનો લાભ જતો કરવો જોઈએ.

બીજી તરફ, હિંદુસ્તાની આવામ મોર્ચા (સેક્યુલર) ના અધ્યક્ષ અને બિહાર સરકારના મંત્રી સંતોષકુમાર સુમને અનામત નીતિની સમીક્ષા કરવાની માંગ કરીને નવો વિવાદ છેડ્યો છે. તેમણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં 'કોટાની અંદર કોટા' એટલે કે ઉપ-વર્ગીકરણનું સમર્થન કર્યું છે. પાર્ટીના પ્રવક્તા દાનિશ રિઝવાને સ્પષ્ટતા કરી હતી કે, અનામતનો મોટાભાગનો લાભ માત્ર પાસવાન અને રવિદાસ જેવા મોટા સમુદાયો સુધી જ સીમિત રહે છે. મુસહર જેવા અત્યંત પછાત દલિત સમુદાયો આ લાભથી વંચિત રહેતા હોવાથી સબ-કેટેગરાઈઝેશન અત્યંત જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે રાજ્યોને SC/ST સમુદાયોમાં વધુ પછાત જાતિઓને અનામતનો ન્યાયી લાભ પહોંચાડવા સબ-ક્લાસિફિકેશનની મંજૂરી આપી હતી. કેન્દ્ર સરકાર અને મોટાભાગના રાજકીય નેતાઓએ સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને આવકાર્યો છે, પરંતુ ક્રીમી લેયરની જોગવાઈ બાબતે દલિત નેતાઓ અને પક્ષો વચ્ચે તીવ્ર વિરોધાભાસ અને રાજકીય ખેંચતાણ સર્જાઈ છે.

### બાંદ્રા-ભુજ સુપરફાસ્ટ

(પાના નં. ૧ થી આગળ)

જાતે તપાસ કરીને દારૂની પેટીઓ અને બુટલેગરોને રંગેહાથ પકડી પાડયા. આ મામલે રેલવે પોલીસ મથકે કુલ ૫ અલગ-અલગ FIR દાખલ કરવામાં આવી છે. મુસાફરોની સતર્કતાથી ૩ આરોપી પોલીસ કસ્ટડીમાં આવી ગયા છે, જ્યારે ૨ ફરાર બુટલેગરની શોધખોળ શરૂ કરાઈ છે.

મુસાફરોને પોતાની સીટ નીચે કેટલીક બિનવારસી બેગ પડી હોવાનું જણાયું હતું. શંકાસ્પદ બેગ્સ જોઈને મુસાફરોએ આ અંગે તપાસ કરતા તેમાં મોટી માત્રામાં વિદેશી દારૂની બોટલો, બિયરના કેન અને દારૂના ક્વાર્ટરનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. ટ્રેનના એસી કોચ જેવા સંવેદનશીલ અને સુરક્ષિત ગણાતા ડબ્બામાંથી આટલી મોટી માત્રામાં ગેરકાયદે દારૂ મળી આવતાં અન્ય મુસાફરોમાં પણ આશ્ચર્ય અને સુરક્ષા અંગે ચિંતા વ્યાપી ગઈ હતી. કોચમાં હાજર ૩ શંકાસ્પદ શખ્સો ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ જાગૃત મુસાફરોએ તેને ચારેય તરફથી ઘેરીને ઝડપી લીધા હતા. આ સમગ્ર ટ્રેનમાં અલગ-અલગ ૫ બુટલેગરો સવાર થઈને સુરત તરફ આ દારૂ ઘુસાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મુસાફરોએ પકડેલા ત્રણેયે દારૂ પોતાનો હોવાની કબૂલાત કરી લીધી હતી. પોલીસે સ્થળ પરથી ત્રણ મોટી ટ્રાવેલ બેગ અને છ જેટલાં પ્લાસ્ટિક પાર્સલ કબજે કર્યા હતા. હાલ પોલીસે પાંચેય બુટલેગરો વિરુદ્ધ ૫ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુના નોંધી તપાસ હાથ ધરી છે કે વાપી સ્ટેશનથી આટલો મોટો જથ્થો ટ્રેનમાં સુરક્ષા તપાસ વગર કેવી રીતે ચડી ગયો.

### નકલી દારૂકાંડ

(પાના નં. ૧ થી આગળ)

હવે દારૂના આ કાળા કારોબાર સાથે જોડાયેલા અન્ય આરોપીઓ અને સમગ્ર સપ્લાય ચેઇનના રાઝ ખુલવાની પૂરી શક્યતા છે. આરોપી ગૌતમ સોલંકીએ કબૂલાત કરી હતી કે તે મનોજ નામના શખસ મારફતે મુખ્ય આરોપી રઈસના સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ ભાવનગરમાં નકલી દારૂ બનાવવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. રઈસ અને તેનો સાથી ઝુબેર અમદાવાદ તથા ઉજ્જૈનથી દારૂ બનાવવા માટેનો કાચો માલ, ખાલી બોટલો, સ્ટીકરો, ઢાંકણા અને અતિ જોખમી એવું મિથેનોલ રસાયણ લાવ્યા હતા.

### નીરજા ગુપ્તા

(પાના નં. ૧ થી આગળ)


પોલીસ ફરિયાદ દાખલ કરવામાં નહીં આવે તો NSUI નું આંદોલન વધુ ઉગ્ર બનશે. આ મામલે જો સમયમર્યાદામાં કોઈ સંતોષકારક પગલાં નહીં ભરાય, તો આગામી દિવસોમાં યુનિવર્સિટી બંધનું એલાન આપવામાં આવશે તેવી ચીમકી પણ સંગઠન દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

નીરજા ગુપ્તાએ કાર્યભાર સંભાળ્યા બાદ UGCના નિયમોની અવગણના કરીને પોતાના મળતિયા એવા ૧૦ લોકોને ડિરેક્ટર જેવા ઉચ્ચ પદો પર ગોઠવી દીધા હતા. આ લોકોને કુલપતિના પોતાના પગાર કરતા પણ વધુ મહેનતાણું વિદ્યાર્થીઓની ફીના નાણાંમાંથી ચૂકવવામાં આવતું હોવાનો દાવો પૂર્વ સિન્ડિકેટ સભ્ય ઈન્દ્રવિજયસિંહ ગોહિલે કર્યો છે.

# દ્વારકા-ખંભાળિયા હાઈવે પર NHAI દ્વારા ૧૦૩૩ હેલ્પલાઈન અંગે વાહનચાલકોમાં જાગૃતિ લાવવા મોક ડ્રીલ

## અકસ્માત કે વાહન ભંગાણ જેવી કટોકટીમાં રોડ પેટ્રોલીંગ, એમ્બ્યુલન્સ અને ક્રેન સેવા ત્વરિત મેળવવા પ્રત્યક્ષ નિદર્શન કરાયું







**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા-ખંભાળિયા હાઈવે પર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા ૧૦૩૩ હેલ્પલાઈન નંબર અંગે વાહનચાલકોમાં જાગૃતિ લાવવાના હેતુથી એક વિશેષ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો અને અન્ય વપરાશકર્તાઓને કટોકટીની પરિસ્થિતિમાં તાત્કાલિક મદદ કેવી રીતે મેળવવી તે અંગે માહિતગાર કરવાનો હતો. આ મોક ડ્રીલ ગઇઅંઈની ટીમ અને જી.આર. ઈન્ફ્રાની ટીમની સંયુક્ત હાજરીમાં સફળતાપૂર્વક યોજવામાં આવી હતી.

મોક ડ્રીલ દરમિયાન હાઈવે પર અચાનક અકસ્માત સર્જાય, વાહન ભંગાણ પડે કે અન્ય કોઈ કટોકટીની સ્થિતિ ઊભી થાય ત્યારે ૧૦૩૩ નંબર પર કોલ કરીને તાત્કાલિક સહાય મેળવવાની સમગ્ર પ્રક્રિયાનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. હેલ્પલાઈન મારફતે કન્ટ્રોલ રૂમને જાણ થયા બાદ જરૂરિયાત મુજબ ઘટનાસ્થળે રોડ પેટ્રોલીંગ વાહન (RPV), એમ્બ્યુલન્સ સેવા અને ક્રેન સહિતની ઈમરજન્સી સેવાઓ કેવી રીતે ઝડપથી રવાના કરવામાં આવે છે, તે અંગેની પ્રતિભાવ વ્યવસ્થા પણ લાઈવ દર્શાવવામાં આવી હતી.

આ આયોજનનો મુખ્ય હેતુ હાઈવે પર નિર્માણ પામતી કટોકટી વખતે સમયસર મદદ મળી રહે અને વાહનચાલકો યોગ્ય માર્ગદર્શન મેળવી શકે તે માટે ૧૦૩૩ હેલ્પલાઈનનો ઉપયોગ વધુને વધુ લોકો કરે તેવી જાગૃતિ ફેલાવવાનો હતો. NHAI ટીમ દ્વારા તમામ હાઈવે વપરાશકર્તાઓને અપીલ કરવામાં આવી છે કે હાઈવે પર કોઈપણ પ્રકારની આકસ્મિક સ્થિતિ સર્જાય ત્યારે ગભરાયા વગર તુરંત જ ૧૦૩૩ હેલ્પલાઈનનો સંપર્ક કરી જરૂરી ઈમરજન્સી સહાય મેળવવી.

# જામનગરની ભાગોળે છ કરોડના ખર્ચે મનપા દ્વારા શ્વાન રસીકરણ-ખસીકરણ સેન્ટરનું કામ પૂર્ણતાના આરે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં રખડતા પશુઓની વ્યાખ્યામાં ચોપગા તમામ પશુઓ આવે છે. તંત્ર દ્વારા હાલ રખડતા પશુઓને પકડવાની કામગીરી તો થાય છે. પરંતુ શ્વાનોના ત્રાસને નાથવાની પ્રવૃત્તિ ઘણી ધીમી છે. જે આગામી બે-ત્રણ માસમાં વેગવંતી થશે. જે માટે મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા ખંભાળીયા રોડ ઉપર રૂ.૬ કરોડથી વધુના ખર્ચે શ્વાન ખસીકરણ-રસીકરણ સેન્ટર ખડું કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી હવે અંતિમ તબક્કામાં હોવાનું અધિકારી જણાવે છે.

૧૨૬ ચોરસ કિલોમીટરની ત્રિજ્યામાં ફેલાયેલા અને ૧૬ વોર્ડમાં વહેંચાયેલા જામનગર શહેરના દરેક વોર્ડમાં છેલ્લા દશકામાં શ્વાનોની સંખ્યા મોટા પાયે વધી ગઈ છે. રહેઠાણ અને ખોરાકના પ્રશ્નો હોવા ઉપરાંત વધેલા ટ્રાફીકથી પણ શ્વાનો ત્રસ્ત છે. તેથી તેઓનો માનવ સાથેનો સંઘર્ષ સતત ને સતત વધતો જાય છે. તેથી શ્વાનોના હુમલાની સંખ્યા પણ વધી છે. જે સરકારી હોસ્પિટલના ડોગ બાઈટના આંકડા સુચવે છે.

સરકારી હોસ્પિટલમાં હડકવા વિરોધી ઈન્જેક્શનો લેવા આવતા લોકોમાં ૮૦ ટકા જેટલા લોકો શહેરી વિસ્તારના હોય છે. રાજ્ય સરકારની શહેરી વિકાસની ગ્રાન્ટમાંથી મ્યુ. કોર્પોરેશન દ્વારા સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ જે શ્વાનોને પકડવામાં આવ્યા હોય તેના ખસીકરણ-રસીકરણ પહેલા તેમજ ઓપરેશન પછી તેઓને રૂઝ આવી જાય ત્યાં સુધી શ્વાનોને સેપરેટ રાખવાના હોય છે.

તેથી મ્યુ. તંત્રએ ૩૫૦ શ્વાનોને રાખી શકાય તેવા પાંજરા બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. કુલ ૧૪ હજાર ચોરસ મીટરમાં આ સેન્ટર ફેલાયેલું છે.નવા બની રહેલા સેન્ટરમાં પશુ રસીકરણ માટે પાંજરા ઉપરાંત ડોક્ટર્સના બે ક્વાર્ટર્સ, એક સાથે પાંચેક ઓપરેશન થઈ શકે તેવી ટેબલ ગોઠવણી સાથેનું ઓપરેશન થિયેટર તેમજ એક્સ-રે રૂમ પણ બનાવવામાં આવી રહ્યો છે. એજન્સી નક્કી થઈ ચુકી છે. તંત્રનું નવું સેન્ટર ચાલુ થાય પછી દૈનિક ૫૦ જેટલ સંખ્યામાં શ્વાનોની નસબંધી થાય તેવી તંત્રની નેમ છે. આ પ્રોજેક્ટ ઘણા વર્ષ ચાલશે, ત્યાર પછી ત્યાર પછી શ્વાનોના ઘટતા વસ્તી દરરૂપે તેના પરિણામ જોવા મળશે. તેમ હાલ કહી શકાય.

# સલાયા મરીન પોલીસે ગોઈંજમાંથી જાહેરમાં જુગાર રમતા ૮ ઈસમોને ૧૨,૧૭૦ના મુદ્દામાલ સાથે ઝડપ્યા

## જિલ્લા પોલીસ વડાની સૂચનાથી શ્રાવણી જુગાર સામે સલાયા મરીન પોલીસની સફળ કાર્યવાહીઃ તમામ સામે ગુન્હો નોંધાયો

**સમય સંદેશઃ સલાયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડાની સૂચના હેઠળ શ્રાવણ માસના તહેવારો દરમિયાન દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવાના ભાગરૂપે સલાયા મરીન પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. નાયબ પોલીસ અધિક્ષકના સુપરવિઝન હેઠળ સલાયા મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એમ. ચાવડા અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન ગોઈંજ ગામમાં માલીઆઈ માતાજીના મંદિર પાછળ કેટલાક લોકો ગંજીપત્તા વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડીને રમતા આઠ



ઈસમોને રંગેહાથ ઝડપી લીધા હતા.

પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી રોકડ રકમ સહિત કુલ ₹૧૨,૧૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ દરોડામાં પકડાયેલા આરોપીઓમાં રાજેશભાઈ મકવાણા, રાણાભાઈ પરમાર, સાદુરભાઈ મકવાણા, રાજુભાઈ રાઠોડ, મહેશભાઈ મકવાણા, વિનોદ કારતરિયા, રામાંભાઈ મકવાણા અને લાખાભાઈ કારુનો સમાવેશ થાય છે. આ સમગ્ર સફળ કામગીરી સલાયા મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એમ. ચાવડા, એ.એસ.આઈ. બોઘાભાઈ એમ. કેશરિયા, હેડ કોન્સ્ટેબલ પીઠાભાઈ પી. જોગલ, વિપુલભાઈ એસ. ડાંગર તથા પોલીસ કોન્સ્ટેબલ કરણભાઈ ડી. સોંદરવા અને અન્ય સ્ટાફના સભ્યો દ્વારા પાર પાડવામાં આવી હતી.

# જીએસટીની જટિલ જોગવાઈઓ અને નોટિસો અંગે જામનગરના બ્રાસ ઉદ્યોગકારો દ્વારા જોઈન્ટ કમિશનર ચંદન કુમારને રજૂઆત

## ચેમ્બર ઓફ કોમર્સ, ફેક્ટરી ઓનર્સ અને જીઆઈડીસી એસોસિએશનના આગેવાનોએ આવેદન આપી બિનજરૂરી હેરાનગતિ દૂર કરવા કરી માંગણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં મોટી સંખ્યામાં કાર્યરત નાના અને મધ્યમ કદના બ્રાસ ઉદ્યોગકારોને જીએસટી વિભાગ તરફથી મળેલી નોટિસો તેમજ કાયદાની ગૂંચવણભરી અને વ્યવહારિક મુશ્કેલી ઊભી કરતી જોગવાઈઓ અંગે જીએસટી વિભાગના જોઈન્ટ કમિશનર ચંદન કુમાર સમક્ષ વિગતવાર રજૂઆત કરવામાં આવી છે. જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન તથા જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન (ફેસ-૨)ના હોદ્દેદારોએ સંયુક્ત રીતે આવેદનપત્ર પાઠવીને ઉદ્યોગકારો પર વધતા જતા અનુપાલનના બોજ અને નાણાકીય મુશ્કેલીઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. રજૂઆતમાં ખાસ જણાવવામાં આવ્યું હતું કે નાના અને મધ્યમ ઉદ્યોગકારો માટે જીએસટીના નિયમો સરળતાથી સમજી શકાય અને વ્યવહારિક રીતે અમલમાં મૂકી શકાય તે માટે જરૂરી સ્પષ્ટતા તથા માર્ગદર્શન આપવું અત્યંત જરૂરી છે. નિયમિત અને પ્રામાણિક કરદાતાઓને બિનજરૂરી મુશ્કેલી ન પડે તે માટે યોગ્ય માર્ગદર્શન અને સુધારાત્મક કાર્યવાહી કરવાની માંગણી કરાઈ હતી. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના માનદમંત્રી કૃણાલભાઈ શેઠ, ફેક્ટરી ઓનર્સ એસોસિએશનના પ્રમુખ રામજીભાઈ ગઢીયા, સહમંત્રી બીપીનભાઈ સોરઠીયા, જીઆઈડીસી ફેસ-૨ના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, માનદમંત્રી જીગ્નેશભાઈ લાવટી તેમજ જીએસટી કાયદાના નિષ્ણાત એડવોકેટ પંકજભાઈ વાધર, ભરતભાઈ ઓઝા અને નીરવભાઈ વડોદરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગકારોની આ રજૂઆત અંગે સકારાત્મક પ્રતિક્રિયા આપતા જીએસટીના જોઈન્ટ કમિશનર ચંદન કુમારે ત્રણેય સંસ્થાના પ્રતિનિધિઓની રજૂઆતોને શાંતિપૂર્વક સાંભળી હતી અને પ્રશ્નોના નિવારણ માટે જરૂરી ઘટતું કરવાની ખાતરી આપી હતી. અધિકારી તરફથી મળેલા આશ્વાસન બાદ જામનગરના આર્થિક કરોડરજ્જુ સમાન બ્રાસ ઉદ્યોગને જીએસટી સંબંધિત પ્રશ્નોમાં ટૂંક સમયમાં વ્યવહારુ રાહત અને સ્પષ્ટતા મળશે તેવી આશા ઉદ્યોગપતિઓએ વ્યક્ત કરી હતી.

# જામનગરના માંડવી ટાવર પાસે વૃક્ષની ભારેખમ ડાળી તૂટી પડતા ૫ બાઈક અને રિક્ષા દબાયાઃ વીજપોલ ધરાશાયી થતાં અફરાતફરી

## બર્ધન ચોકથી સેન્ટ્રલ બેંક જતો ધમધમતો માર્ગ બંધઃ પીજીવીસીએલ અને ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના અતિ ભીડભાડ ધરાવતા માંડવી ટાવરથી સેન્ટ્રલ બેંક રોડ નજીક આજે અચાનક એક મોટું વૃક્ષ ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. વૃક્ષની મોટી ડાળી તૂટીને નીચે રોડ પર પડતા ત્યાં પાર્ક કરેલા પાંચ જેટલા બાઈકો તેમજ ત્યાંથી પસાર થઈ રહેલી એક ઓટો રિક્ષા તેના નીચે દબાઈ ગયા હતા. આ સાથે જ વૃક્ષની ડાળી પીજીવીસીએલની પસાર થતી મુખ્ય વીજલાઈન પર પડવાના કારણે એક વીજપોલ પણ મૂળમાંથી ઉખડીને રસ્તા પર નમી પડ્યો હતો. બર્ધન ચોક નજીકનો આ માર્ગ સતત ભરચક અને ગીચ રહેતો હોવાથી અચાનક બનેલી આ ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટના સમયે વીજપોલ સંપૂર્ણપણે વાયર અને વૃક્ષના ટેકે લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો, જેથી કોઈ મોટી જાનહાનિ કે દુર્ઘટના સર્જાય તે પહેલાં સ્થાનિક લોકોએ તાત્કાલિક પીજીવીસીએલ અને મહાનગરપાલિકાની ફાયર વિભાગની ટીમને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને રસ્તા પર પડેલી મોટી ડાળીઓને કાપીને હટાવવાની કામગીરી પુરજોશમાં શરૂ કરી હતી.

બીજી તરફ પીજીવીસીએલની ટીમે પણ તાકીદે વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી નમી ગયેલા વીજપોલ અને વાયરોનું સમારકામ હાથ ધર્યું હતું. ફાયર શાખા દ્વારા વૃક્ષની ડાળીઓ હટાવી દબાયેલા વાહનોને બહાર કાઢવાની અને વાહન વ્યવહાર પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. યોગ્ય સમયે હાથ ધરાયેલી કામગીરીના કારણે મોટી હોનારત ટળી હતી, જેથી સ્થાનિકો અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# જામનગરમાં આવતીકાલથી મીની વેકેશન જેવો માહોલઃ પ્રાથમિક શાળાઓમાં રજાની મૌસમ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સહિત સૌરાષ્ટ્ર હરવા, ફરવા અને ધાર્મિક પૂજનવિધિઓ માટે સવિશેષ મહત્વ ધરાવતા જન્માષ્ટમી પર્વ શ્રુંખલાનો સોમવારથી પ્રારંભ થશે. આજ તા. ૩૦ના રવિવારની રજા છે જેના પગલે રવિવારથી આગામી રવિવાર સુધી જામનગર જીલ્લામાં રજાનો માહૌલ રહેશે જેમાં તબીબોથી માંડીને શિક્ષકો સહિત વ્યવસાયિકો, નોકરિયાતો અને સાતમથી નોમ સુધી તો વેપારીઓ પણ રજા રાખશે. આ સાથે મેળાની મૌસમ જામશે, જામનગર સહિત જિલ્લામાં નાના-મોટા મેળા યોજાતા હોય છે જેમાં કેટલાક મેળાઓ ઐતહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવે છે.

જામનગર માર્કેટ યાર્ડમાં જન્માષ્ટમી તહેવારોમાં રજા જાહેર કરાઈ છે, તા.૬ના રવિવારે રજા છે આમ તા.૭ સોમવાર દિવસ સુધી કૃષિ જણસીઓની હરાજી બંધ રહેશે. આ જ રીતે સ્કૂલ-કોલેજોમાં પણ આવતા સપ્તાહે વેકેશનનો માહૌલ સર્જાશે અને લોકોએ ફરવા જવાના આયોજનો શરુ કર્યા છે. સોમવારે તા.૩૧ના જામનગરમાં પરંપરાગત રીતે બોળચોથ અર્થાત્ બહુલા ચતુર્થી સાથે ફુલકાજલી વ્રત ઉજવાશે. આ દિવસે ખાસ કરીને મહિલાઓ ગૌમાતાનું પૂજન કરે છે, ઉપવાસ-એકટાણા કરે છે. તા. ૧ સપ્ટેમ્બરે મંગળવારે નાગ પંચમીની પરંપરાગત શ્રધ્ધા સાથે ઉજવણી થતી રહી છે.

આ દિવસે ઘરે ઘરે પણ નાગદેવતાનું ચિત્ર બનાવીને પૂજન કરાય છે અને જિલ્લામાં અનેક સ્થળે ઐતહાસિક નાગમંદિરો પણ આવેલા છે. બુધવારે રાંધણ છઠ્ઠ અને ગુરુવાર તા.૩ના શીતળા સાતમ અને તા.૪ના જન્માષ્ટમી પર્વ ઉજવાશે જે નિમિત્તે ગામેગામ શોભાયાત્રા અને મટકી ફોડના કાર્યક્રમો યોજાયા છે. જ્યારે તા.૫ના નંદ મહોત્સવ અને તા.૬ના રવિવારે રજા આવતી હોવાથી એકંદરે પુરું એક સપ્તાહ ઉત્સવોનો ઉત્સાહ છવાશે. તહેવારો નજીક આવતા બજારોમાં તેજીનો ચમકારો જોવા મળ્યો છે. પર્વ લક્ષી કરિયાણુ,પૂજાપા સામાન વગેરેની ખરીદી ઉપરાંત પહેરવેશની વસ્તુઓન ખરીદી નીકળી છે.

## જામનગર જિલ્લાને દુષ્કાગ્રસ્ત જાહેર કરવા માંગણી

જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા જામજોધપુર શહેર કોંગ્રેસના હોદ્દેદારોએ માંગણી ઉઠાવી છે અને આ બાબતે આગામી તા. ૧ના રોજ જામજોધપુર તાલુકા મામલતદારને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવનાર છે. આ અંગે જામજોધપુર કોંગ્રેસના તાલુકા સંગઠનમંત્રી જમનભાઇ કંટારીયાએ જણાવેલ છે કે જામજોધપુર સહિત જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે વરસાદ ઓછો પડેલ છે. જેના કારણે ખેતીપાકને મોટુ નુકસાન થવા પામેલ છે. ત્યારે જિલ્લાને તત્કાલ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવો જરૂરી છે. આ ઉપરાંત જિલ્લાના ચેકડેમો નર્મદાના પાણીથી ભરવામાં આવે તેવી પણ તેઓએ માંણી ઉઠાવી છે. આ મુદ્દે કોંગ્રેસ દ્વારા આગામી તા.૧ને મંગળવારના રોજ સવારના ૧૧ કલાકે તાલુકા મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરવામાં આવનાર છે.

## જામનગરમાં ચાની હોટલમાંથી બાળમજૂરને મુકત કરાવાયો

**સમય સંદેશઃ જામનગર**

ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ પર મળેલી ફરિયાદના આધારે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને રચાયેલી ટાસ્ક ફોર્સ કમિટીની ટીમ દ્વારા તા.૨૭ ઓગસ્ટના રોજ જામનગરના કનસુમરા ઔદ્યોગિક વિસ્તારમાં બાળ મજૂરી નાબૂદી અંગે દરોડા અને ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જામનગરના હરિયા કોલેજ મેઈન રોડ, કનસુમરા ખાતે આવેલી ચાની હોટલમાં તપાસ દરમિયાન ૧૪ વર્ષથી નાની વયના બાળકને કામે રાખવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન ૧૩ વર્ષ ૯ માસની ઉંમરનો બાળક હોટલમાં કામ કરતો મળી આવતા તેને બાળ મજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ જિલ્લા બાળ સુરક્ષા એકમના અધિકારી

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પીજીવીસીએલ કર્મચારી પર હિચકારો હુમલોઃ ધરારનગરમાં આસામી દ્વારા ફડાકાવાળી કરી ગાળો ભાંડી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ધરારનગર વિસ્તારમાં પીજીવીસીએલ (PGVCL)ના કર્મચારી પર એક આસામી દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. સરકારી ફરજ પર તૈનાત પીજીવીસીએલના કર્મચારી સાથે વિસ્તારના એક શખ્સે તકરાર કરી ઉગ્ર બોલાચાલી કરી હતી. ત્યારબાદ મામલો વધુ બિચકતાં આસામીએ કર્મચારીને ફડાકા જીંકી દીધા હતા અને જાહેરમાં ગંદી ગાળો ભાંડી વાણી વિલાસ આચર્યો હતો. બનાવ સમયે સ્થળ પર હાજર લોકોએ સમગ્ર ઘટનાનો લાઈવ વીડિયો મોબાઈલમાં કંડારી લીધો હતો, જે સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી ગઈ છે. વીડિયો વાયરલ થતાં જ પીજીવીસીએલના કર્મચારીઓ અને સ્ટાફમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. સરકારી કર્મચારી પર થયેલા આ હુમલા અને ફરજમાં રૂકાવટ બદલ સંબંધિત શખ્સ સામે કાયદેસરની પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં પાક સુકાવાની ભીતિઃ ડેમો-તળાવો સૌની યોજનાના પાણીથી ભરવા મંત્રીને રજૂઆત

## જિલ્લામાં માત્ર ૨૯ ટકા વરસાદ, ખેતી અને જળસંકટ ઘેરાયું; પાક બચાવવા ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે જળસંપત્તિ મંત્રી સમક્ષ કરી માંગઃ જામવણથલીના ૧૮ ગામોને પિયત માટે પાણી આપવા માંગ










**સમય સંદેશઃ જામનગર**

દેશભરમાં ચોમાસાની સિઝન અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે અને ૫ સપ્ટેમ્બર બાદ ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી ચોમાસાની વિદાયની પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે. આવી સ્થિતિ વચ્ચે જામનગર જિલ્લામાં વરસાદે ભારે દગો દીધો છે. મોસમનો સામાન્ય સરખામણીએ માત્ર આશરે ૨૯ ટકા જ વરસાદ નોંધાતા જિલ્લામાં ૭૧ ટકા જેટલી મોટી વરસાદી ખાધ સામે આવી છે. છેલ્લા એક માસથી વરસાદ ખેંચાતા અને તાપમાન વધતાં જમીનનો ભેજ ઘટી રહ્યો છે, જેના કારણે મગફળી, કપાસ, તલ અને બાજરી સહિતનો ખરીફ પાક સુકાવાના આરે પહોંચ્યો છે. વ્યાપક વરસાદના અભાવે ખેતી, ભૂગર્ભ જળસ્તર અને રવિ સિઝનની સિંચાઈ તેમજ પશુપાલન માટે પીવાના પાણી અને ઘાસચારાનું મોટું સંકટ ઊભું થયું છે.

આ વિકટ પરિસ્થિતિને ધ્યાને રાખી જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલને રજૂઆત કરી છે. તેમણે જિલ્લાના વિવિધ ગામોના સરપંચો અને સ્થાનિક આગેવાનોની માંગણી મુજબ જામનગર જિલ્લાના ડેમો, તળાવો અને ચેકડેમોને સૌની યોજનાના પાણીથી તાત્કાલિક ભરવા પત્ર લખીને રજૂઆત કરી છે. દોઢિયા, આમરા અને જીવાપરના સરપંચોએ સસોઈ ડેમ તેમજ વેરતીયા, પીઠડીયા, મોટી નાગાજાર, ખાખરા, નંદપુર, વિજયપુર, કૃષ્ણનગર અને રણજીતપર ગામના પ્રતિનિધિઓએ ઊંડ-૧ ડેમ અને તેની કેનાલમાં સૌની યોજનાનું પાણી છોડવા માંગ કરી છે.

અન્ય તાલુકાઓની વાત કરીએ તો લાલપુરના દલતુંગી, મોડપર, ચારણતુંગી અને અપીયા ગામોના સરપંચોએ ફુલઝર-૨ ડેમમાં તથા મોટા થાવરીયા, અલીયા અને વિજરખીના ખેડૂતોએ વિજરખી ડેમમાં પાણી ઠાલવવા માંગણી કરી છે. આ ઉપરાંત જિલ્લા પંચાયત સદસ્ય મંગુબેન લખમણભાઈએ જગા ગામના ત્રણ ચેકડેમ અને સ્વામી વિવેકાનંદ તળાવ સુધી પાઈપલાઈન લંબાવવા તથા જોડિયાના ખીરી ગામે બંધ પડેલી પાઈપલાઈન ચાલુ કરી તળાવ ભરવા રજૂઆત કરી છે. હવામાન નિષ્ણાતો મુજબ ચોમાસાની વિદાય તબક્કાવાર થતી હોવાથી સપ્ટેમ્બરમાં સ્થાનિક સિસ્ટમથી

અનુ પાના નં.૨ પર

# ટ્રેનમાં પૈસા મામલે પરપ્રાંતિયો વચ્ચે માથાકૂટમાં યુવાનની હત્યા

## જામનગર રેલવે સ્ટેશને ટ્રેનમાં મુસાફરી કરતાં પરપ્રાંતિય ચાર શખ્સો વચ્ચે પૈસાની લેતીદેતી મામલે બોલાચાલી બાદ એક યુવાનને માથામાં પથ્થર મારી ગંભીર રીતે ઘાયલ કરાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રેલ્વે સ્ટેશનમાં ટ્રેનમાં પરપ્રાંતિય ચાર વ્યક્તિઓ વચ્ચે પૈસા બાબતે બોલાચાલી અને ડખ્ખો થયા બાદ એક યુવાનને પથ્થર માથામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા બાદ યુવાનનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો.

ઉપાડના પૈસાની માંગણી કરતા અંદરો અંદર થયેલા ડખ્ખાએ લોહિયાળ રૂપ ધારણ કરતા આ મામલે રેલવે પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરીને બે શખસોને દબોચી લીધાં હતા. જેના રીમાન્ડ માટેની તજવીજ હાથ ધરવામાં આવી




છે. ઉત્તરપ્રદેશના બુલદેશહેરના તેગમપુર ગામમાં રહેતા ભુપેન્દ્ર વિનયપાલ પ્રજાપતિ (ઉ.વ.૩૫) પોતાના વતનમાંથી બે વ્યક્તિને જામનગરમાં કામ માટે લાવ્યા હતા. તેમને પૈસાનો ઉપાડ પણ આપવામાં આવ્યો હતો. બન્ને શખસોને જામનગર ન ફાવતા તેઓ પરત પોતાના વતનમાં જવા માટે નિકળ્યા હતા. જેથી યુવાને આપેલા ઉપાડ પેટેના પૈસાની પરત માંગણી કરતા બન્ને વચ્ચે માથાકૂટ થઈ હતી. જેમાં પત્ની નીચે ઉતરીને મારી છેડતી કરી અને માર મારતા હોવાની બુમો

અનુ પાના નં.૨ પર

# કલ્યાણપુરની કોપર વાયર ચોરીનાં ગુનામાં સિક્કાના ત્રણ શખ્સો ઝબ્બે

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકામાં આવેલી ઓનેક્સ કંપનીના સોલાર પ્લાન્ટમાંથી થોડા દિવસો પૂર્વે કોઈ શખ્સો ૧૦,૫૦૦ મીટર કોપર વાયરની ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો.

આને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ અહીંના સ્થાનિક ગુના શોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ પી.એસ.આઈ. બી.એમ.



દેવમુરારી અને એમ.આર. સવસેટાની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ખંભાળિયા ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, જેસલસિંહ જાડેજા અને લાખાભાઈ પિંડારિયાને મળેલી બાતમીના આધારે અહીંના રેલવે ગરનાળા પાસેથી પોલીસે જામનગર તાલુકાના સિક્કા ગામના રહીશ હુસેન ઉર્ફે લેંગો અયુબ મેપાણી, અસલમ ઈસા તાયાણી અને આરીફ ઉર્ફે પુષ્પા ઈસા તાયાણી નામના ત્રણ શખ્સોને દબોચી લીધા હતા.

ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૨,૦૭,૦૦૦ ની કિંમતનો કોપર વાયર તેમજ રૂ. બે લાખની કિંમતની એક ફોર વ્હિલર અને ૫,૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન મળી, કુલ રૂ. ૪,૧૨,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી, વધુ તપાસ અર્થે આરોપીઓનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો હતો.

# જામનગર શહેર-જિલ્લામાં પોલીસે દરોડા પાડી શ્રાવણિયા જુગારના નવ અડ્ડાઓ પરથી ૫ મહિલા સહિત ૫૨ જુગારીઓને ઝડપી પાડ્યાઃ ૪ ફરાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ચાલી રહેલી જુગારની મહેફિલો પર પોલીસે લાલ આંખ કરી છે. પોલીસે ગઈકાલે વિવિધ વિસ્તારોમાં કુલ નવ દરોડા પાડીને ૫ મહિલાઓ સહિત ૫૨ આરોપીઓની અટકાયત કરી છે, જ્યારે દરોડા દરમિયાન નાસી છૂટેલા ૪ શખ્સોને ફરાર જાહેર કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડાની વિગતો મુજબ, પંચકોષી એ-ડિવિઝન પોલીસે ખીમરાણા ગામે દરોડો પાડીને ભગવાનજીભાઈ ઉર્ફે રૂપો ગામારા અને રવીરાજસિંહ જાડેજાને રૂ.૩,૯૦૦ની રોકડ સાથે પકડી પાડ્યા હતા, જ્યારે લાલુભા જાડેજા, ગૌતમ રાજેશભાઈ, મુનાભાઈ જાડેજા અને ભરતસિંહ જાડેજા નાસી છૂટ્યા હતા. ધ્રોલ પોલીસે ગોદળિયાવાસમાં પીપળાના ઝાડ નીચેથી અજયભાઈ ડાંગરોચીયા, સાગરભાઈ ગોદળીયા, અમિતભાઈ ગોદળીયા, રમેશભાઈ ડાભી અને મેરૂભાઈ ગોદળીયાને રૂ.૧૦,૩૬૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. લાલપુર પોલીસે ખીરસરા મુખ્ય બજારમાંથી ગુલામેમુસ્તફા ઉર્ફે લાલુ બ્લોચ, વસીમ બ્લોચ, રુકશાનાબાનુ જરવાર, અફસાનાબેન હુશેનભાઈ જરવાર, રેશ્માબેન જરવાર, અફસાનાબેન નવસાદભાઈ દેખાન અને હમીદાબેન બ્લોચ સહિત સાત આરોપીઓની રૂ.૧૦,૦૩૦ની રોકડ સાથે અટકાયત કરી હતી. ઉપરાંત લાલપુર પોલીસે નવીપીપર ગામના પાટિયા પાસેથી પ્રવીણભાઈ ભાટી, મોજાભાઈ ભાટી, ડાયાભાઈ ભાટી, વનાભાઈ ભાટી અને સુરજ સોલંકીને રૂ.૪,૭૨૦ની રોકડ સાથે ઝડપ્યા હતા.

જામજોધપુર પોલીસે લાડવા શેરીમાંથી સાગરભાઈ સોલંકી, રાજેશભાઈ કુડેચા, મગનલાલ વીઝુડા, રાજભાઈ પરમાર, જીગ્નેશભાઈ રાઠોડ, આકાશ ઉર્ફે ગાંગો વરાણીયા અને અજયભાઈ ડાભીને રૂ.૧૬,૫૪૦ની રોકડ સાથે પકડ્યા હતા. જોડિયા પોલીસે બાદનપર ગામે વાડીમાં દરોડો પાડી વાડીમાલિક રમેશભાઈ ધોડાસરા સહિત પ્રવીણભાઈ સંતોકી, રમેશભાઈ ગોવિંદભાઈ સંતોકી, અજયભાઈ રાણીયા, બ્રિજેશભાઈ ભીમાણી, જેન્તીભાઈ સંતોકી, જીતેન્દ્રભાઈ સંતોકી, રાકેશભાઈ સંતોકી અને રાજભાઈ ભીમાણીને રૂ.૧,૫૨,૩૦૦ની રોકડ, ૫ મોટરસાઈકલ અને ૯ મોબાઈલ મળી કુલ રૂ.૫,૦૨,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

સિટી સી ડિવિઝન પોલીસે શંકરટેકરી રામનગરમાંથી હીરાભાઈ ચારણ, ડેગણસી ચારણ, ગોગણભાઈ ગુજરીયા, માલજીભાઈ ગુજરીયા અને કરણભાઈ ગુજરીયાને રૂ.૩૮,૭૭૦ની રોકડ સાથે પકડ્યા હતા.

અનુ પાના નં.૨ પર

# ભાણવડ તાલુકામાં જુગાર રમતા મહિલા સહિત છ પત્તાપ્રેમી પકડાયા

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે બાજુના આંબલીયારા ગામે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગારનો અડ્ડો ચાલતો હોવાની બાતમી મળતા પોલીસ આંબલીયારા પહોંચી હતી. જયાં ત્રણ રસ્તા પાસે ગંજીપત્તા વડે તીનપતીનો જુગાર ખેલતા જયેશ ભરતભાઈ લીંબડ રે. આંબલીયારા ધીરૂ બાબુ લુદરીયા રે. આંબલીયારા, દયાબેન રામદેભાઈ કોળી રે. આંબલીયારા વાળાને ઝડપી લીધા હતા. જયારે પ્રકાશ નિલેશભાઈ લીંબડ રે. આંબલીયારા વાળા નાસી છુટયો હતો. પોલીસે રોકડ તેમજ મોબાઈલ, તેમજ ગંજીપત્તો સહિત કુલ રૂા.૧૬૨૪૦ની મતા કબજે કરી હતી.

ઉપરાંત ભાણવડ પોલીસે સણખલા ગામે પણ


અનુ પાના નં.૨ પર



# જામનગરમાં ઝૂંપટ્ટીવાળાઓનું જાહેર રોડ પર ખતરનાક ઘીંગાણું

## જંગલેશ્વર મહાદેવ મંદિર પાસે જૂથ અથડામણ, સામસામે પથ્થરબાજી, ૧૧૨થી પોલીસ બોલાવાઈ, દર્શનાર્થીઓમાં દોડધામ











**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મિગ કોલોની વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ જંગલેશ્વર મહાદેવ મંદિર પાસે ગેરકાયદેસર દબાણ કરીને રહેતા બાવરી પરિવારના ઝૂંપડાઓ સ્થાનિકો અને ભક્તો માટે મુશ્કેલીનું કારણ બન્યા છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરે દર્શનાર્થે આવેલા ભક્તોની હાજરીમાં મંદિરની બહાર જાહેર રસ્તા પર બાવરીઓ વચ્ચે અંદરોઅંદર ઉગ્ર માથાકૂટ અને જૂથ અથડામણ થઈ હતી.

આ મારામારી દરમિયાન સામસામે છૂટા પથ્થરોના ઘા મારવામાં આવ્યા હતા, જે મંદિરના પટાંગણ સુધી પહોંચ્યા હતા. મારામારીમાં ઘવાયેલા કેટલાક લોકો મંદિરમાં ઘૂસી જતાં પવિત્ર મંદિર પરિસરમાં લોહીના ટીપાં પણ પડ્યા હતા. આ ઘટનાથી મંદિરમાં દર્શન કરી રહેલા શ્રદ્ધાળુઓમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. આ લોહિયાળ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ઘટનાની જાણ થતાં જ ૧૧૨ નંબરની પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવી મામલો થાળે પાડ્યો હતો.

સ્થાનિકો અને મંદિરના પૂજારી દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં જામનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા જાહેર રસ્તા પરના આ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા નથી, જેના કારણે અવારનવાર આવા અપ્રિય બનાવો બને છે અને સ્થાનિક રહીશો તથા ભક્તોએ ત્રાસ સહન કરવો પડી રહ્યો છે. મંદિરના પૂજારી પંકજએ જણાવ્યું હતું કે, અહીં રહેતા બાવરીઓ અવારનવાર કજીયા અને કંકાશ કરે છે. આ ઝઘડા દરમિયાન મંદિરમાં છૂટા પથ્થરોના ઘા મારવામાં આવ્યા હતા અને મારામારી થઈ હતી. અહીં અતિશય ત્રાસ અને ગાળાગાળી કરવામાં આવે છે તેમજ

અનુ પાના નં.૨ પર

# સ્વાઈન ફલુના દર્દીઓ માટે જી.જી.હોસ્પિટલમાં ખાસ આઈસોલેશન વોર્ડ ઉભો કરવા તૈયારી

**સમય સંદેશઃ જામનગર**

દિલ્હી અને મુંબઈમાં સ્વાઈન ફ્લૂના કેસના પગલે રાજયની સાથે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલનું તંત્ર એલર્ટ બન્યું છે. હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરવાની ક્વાયતની સાથે માસ્ક અને જરૂરી દવાનો જથ્થો પણ મંગાવવામાં આવ્યો છે.

સંભવિત એચ-૧ એન-૧ એટલે કે સ્વાઈન ફ્લૂના પગલે જામનગર જી.જી.હોસ્પિટલનું તંત્ર પણ અલર્ટ -બન્યું છે. ઈન્ચાર્જે તબીબી અધિક્ષક દ્વારા હોસ્પિટલના મેડીસીન, પીડીયાટ્રીક સહિત તમામ વિભાગના વડાની બેઠક બોલાવવામાં આવી હતી.

આ મીટીંગમાં સ્વાઈન ફ્લૂને અટકાવવા માટે તકેદારીના શું પગલાં લેવા તે અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જીજી હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં બેડ સહિતની સુવિધાઓ ઉભી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તદઉપરાંત માસ્ક અને જરૂરી દવાનો જથ્થો પણ મંગાવવામાં આવ્યો હોવાનું ઈન્ચાર્જ તબીબી અધિક્ષક ડો.વિજય પોપટે જણાવ્યું હતું.

# દ્વારકા જિલ્લામાં પ્રોહિબીશનનાં ગુનામાં ફરાર આરોપી પકડાયો



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રોહિબિશનના ગુનાઓમાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા એલસીબી દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન બે અલગ-અલગ ગુનામાં નાસતો ફરતો આરોપી પોલીસના હાથે ઝડપાયો છે.

એલસીબીના ઇન્ચાર્જ પીઆઇ એન.એચ. જોષીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી.એમ. દેવમુરારી, એમ.આર. સવસેટા અને એસ.વી. કાબંરીયાની ટીમ દ્વારા ફરાર આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી હતી. દરમિયાન એએસઆઇ શક્તિસિંહ જાડેજા, પો.હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ઝાલા, વેજાણંદભાઇ બેરા અને પો.કોન્સ્ટેબલ મનહરસિંહ જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી.

બાતમીના આધારે એલસીબીની ટીમે ભાણવડ તાલુકાના રાણપર ગામના બસ સ્ટેશન નજીક વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીમાં જણાવ્યા મુજબનો શખ્સ મળી આવતા પોલીસે તેને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં તેનું નામ રાજુભાઇ કરસનભાઇ કોડીયાતર (રબારી), ઉંમર ૨૨ વર્ષ, રહે. રાણપર, તા. ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા હોવાનું સામે આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ રાજુભાઇ સામે ભાણવડ પોલીસ સ્ટેશન તથા ઓખા મરીન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયેલા છે અને આ બંને કેસમાં તેની ધરપકડ બાકી હતી. ઝડપાયેલા આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ભાણવડ પોલીસ સ્ટેશનને સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com